# શહેરમાં સાંજે ઝરમર વરસાદ

## મેઘરાજાનો મંદ મિજાજ યથાવત : છેલ્લા ત્રણ-ચાર દિવસથી ઝરમરિયો વરસાદ

ગાંધીનગર તા ૨

ગાંધીનગરમાં વરસાદી વાયરો યથાવત છે. પરંતુ મેઘરાજા મન મુકીને વરસતા નથી. છેલ્લા ત્રણ ચાર દિવસથી ઝરમરિયા વરસાદથી ભીંજારો યથાવત છે. રોજ બરોજ બે ચાર મી મી પાણી ટપકે છે. પરંતુ ચોમાસાની મોસમને નિખારે તેવો વરસાદ હજુ આ સિઝનમાં આવ્યો જ નથી. આજે પણ સાંજે ઝરમર વરસાદ વરસ્યો હતો.



શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી ઝરમર વરસાદના ઝાપટા વરસી રહ્યા છે. દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે શહેરમાં વરસાદી છાંટણા વરસતા ઠંડકનુ પ્રમાણ જળવાઈ રહે છે.આજે પણ સવારથી જ આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયેલા રહ્યા હતા. જયારે દિવસ દરમિયાન ઝરમર વરસાદના લીધે ભીંજારાનો માહોલ યથાવત રહ્યો હતો. ગાંધીનગરમાં અત્યાર સુધી સિઝનનો ૧૨૦ મી મી જેટલો વરસાદ થયો છે. જયારે હજુ સુધી મેઘરાજા મન મુકીને મુશળધાર વરસ્યા નથી. હવામાન શાસ્ત્રીના મતે ગાંધીનગરમાં ૩ ઓગષ્ટ તેમજ તા ૫ થી ૧૦ ઓગષ્ટ ધોધમાર વરસાદ વરસે તેવી સંભાવના છે. ચોમાસાની સિઝન શરૂ થઇ ત્યારથી શહેરમાં મેઘરાજાનો મિજાજ મંદ રહ્યો છે. સમગ્ર રાજયમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર સહીતના વિસ્તારોમાં વરસાદે જળબંબાકારની સ્થિતિ સર્જી છે. અમદાવાદ અને બરોડા સહીતના શહેરમાં પણ વરસાદ મનભરીને વરસતા ચોમેર પાણી પાણી થઇ ગયુ છે. ત્યારે ગાંધીનગરમાં પણ મેઘરાજા આક્રમક મિજાજ બતાવે તે માટે નગરજનો ઉત્સુક છે. સતત ભીંજારાના માહોલથી નગરમાં વરસાદી સમસ્યાઓ પણ ઉદભવી છે. સેકટરોમાં કાદવ કિચ્ચડ વચ્ચે ગંદકીનુ જોર વધ્યુ છે. વાદળિયા વાતાવરણ વચ્ચે મેઘરાજા મુશળધાર ન વરસતા નગરજનો બેચેન બન્યા છે. આજે સાંજે પણ ઝરમર વરસાદના અંતે સેકટરોમાં પાણીના ખાબોચિયા ઉભરાયા હતા.

# જળસંચય વિના ગ્રીન ગાંધીનગરનુ બિરુદ નહીં મળે : કલેકટર

**જી ઇ બી ખાતે નગરના ૫૫ માં સ્થાપના દિવસની કેક કાપીને ઉજવણી કરવામાં આવી : વટ પડે તેનુ નામ વહીવટ ગુજરાત અને નગરનો વટ પડે તેવો વહીવટ થવો જોઇએ , લોકશાહીનો ધબકાર સંભળાવવો જોઇએ : જિલ્લા કલેકટર એસ કે લાંગા**




ગાંધીનગર તા ૨

આવક જાવકનુ સરવૈયુ એટલે વહીવટ. વટ પડે તો વહીવટ.. ગુજરાત અને ગાંધીનગરનો વટ પડે તેવો વહીવટ થાય..સમગ્ર ગુજરાતનો વહીવટ જયાંથી થાય છે. ગાંધીનગરના ૫૫ માં જન્મદિવસની ઉજવણી પ્રસંગે જિલ્લા કલેકટરે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય ડો સી જે ચાવડા, ગાંધીનગરના મેયર રીટાબેન પટેલ , શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ સહીત નગરની વિવિધ સંસ્થાના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. શહેર વસાહત મહામંડળ દ્વારા જી ઇ બી થર્મલ પાવર સ્ટેશનના સહયોગથી જન્મદિવસની

**નગરના વિકાસ માટે શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે જીવન સમર્પિત કર્યુ છે : ડો સી જે ચાવડા : સુરમધુર કલાવૃંદના સંચાલક મયંક દવે રચિત કોઇનુ નહીં તોય સૌનુ થયુ વતન ..આ. ગાંધીનગર.. ગીતનુ લોકાર્પણ કરાયુ**

વધુમાં જણાંવ્યુ હતુ કે જળસંચય વિના ગ્રીન ગાંધીનગરનુ બિરુદ નહીં મળી શકે માટે આ દિશામાં વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવુ પડશે. રૈયત અને શાસકવાળી વાતથી દુર રહેવાની સાથે લોકશાહીનો ધબકાર સંભળાવવો જોઇએ. છેવાડાના અશિક્ષિત, બિનઆરોગ્યપ્રદ અકીંચન લોકોની ચિંતા કરવી પણ અનિવાર્ય હોવાનુ પણ તેમણે જણાંવ્યુ હતુ. શહેર વસાહત મહામંડળ દ્વારા જી ઇ બી થર્મલ પાવરના ગેસ્ટ હાઉસમાં નગરની પ્રથમ ઇંટ મુકાઇ હતી તે સ્થળે કેક કાપીને ગાંધીનગરના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી.

ગાંધીનગરના ૫૫ માં સ્થાપના દિવસની આજે ઉજવણી કરવામાં આવી હતી. જી ઇ બી વિશ્રામ ગૃહ ખાતે નગરની પ્રથમ ઇંટ જ્યાં મુકવામાં આવી હતી તે સ્થળે દિપ પ્રાગટ્ય કરી કેક કાપીને નગરને જન્મદિવસની શુભેચ્છા પાઠવવામાં આવી હતી. આ તબક્કે જિલ્લા કલેકટર એસ કે લાંગા, ઉજવણી અન્વયે યોજાયેલા સમારોહમાં ઉપસ્થિત જિલ્લા કલેકટરે જણાંવ્યુ હતુ કે દરેક નગરનો ઇતિહાસ ભુગોળ હોય છે. શહેરમાં લોકશાહીનો ધબકાર સંભળાવો જોઇએ. રૈયત અને શાસકવાળી વાત હોય તો લોકશાહી પધ્ધતિ ન કહેવાય. આમ તો નગર એટલે નળ , ગટર અને રસ્તા તેમણે શહેર વસાહત મહામંડળની કામગીરીને બિરદાવતા જણાંવ્યુ હતુ કે કમંડળ હાથમાં લઇને નિકળે તે મંડળ સ્થાપી શકે . નગરની પ્રગતિ થવાની તેમાંય પાટનગર હોય એટલે એક કક્ષા જળવાઇ રહે તે સહજ બાબત છે. પરંતુ વહીવટ વટ પડે તેવો હોવો જોઇએ. આવક- જાવકનુ સરવૈયુ એટલે વહીવટ અને વટ પડે તો વહીવટ..ગાંધીનગરમાં પણ ગુજરાત અને નગરનો વધુ વટ પડે તેવો વહીવટ થાય તેવી અપેક્ષા તેમણે વ્યકત કરી હતી. શહેરમાં ૧૩ હજાર ઝુંપડા છે. ત્યારે છેવાડાના અશિક્ષિત, બિન આરોગ્યપ્રદ, અકીંચન લોકોની ચિંતા કરવી

● અનુસંધાન પાન-૭ પર

## ૮ અને ૧૬ ઓગષ્ટના રોજ કૃમિનાશક દિવસ ઉજવાશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં ૮મી ઓગષ્ટ અને ૧૬મી ઓગષ્ટના રોજ રાષ્ટ્રીય કૃમિનાશક દિવસની ઉજવણી કરવામાં આવશે.

જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનુભાઈ સોલંકીના જણાવ્યાનુસાર ૧ થી ૧૯ વર્ષના ૩ લાખ ૪૮ હજારથી વધુ બાળકોને આ દિવસે કૃમિનાશક દવાની ગોળી આપવામાં આવશે.

આ માટેનું સંપૂર્ણ આયોજન તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે. આ માટે જરૂરી દવાઓનો જથ્થો પણ આવી ગયો છે અને તે તાલુકાઓમાં મોકલી આપવામાં આવી રહી છે. કૃમિનાશક દિવસની ઉજવવણીને સફળ બનાવવા ભારે તૈયારીઓ આરંભાઈ છે.

# દહેગામના અંતરિયાળ ગામ જીવરાજના મુવાડાની શાળામાં તદ્દન નવતર અભિગમ હાથ ધરાયો

**શિક્ષણની ગુણવત્તા સુધારણા અભિયાન સાથે બાળકના શાળામાં સ્થાયીકરણને મજબુત બનાવવા શિક્ષકોએ સ્માર્ટ કેર એપ બનાવી**

ગાંધીનગર, તા. ૨

"મેરા દેશ બદલ રહા હે" એ સૂત્રને દહેગામ તાલુકાના જીવરાજના મુવાડા ગામની પ્રાથમિક શાળાના શિક્ષકોએ સામૂહિક પ્રયાસથી સાકાર કર્યુ છે.

આચાર્ય સહિતના શિક્ષકોએ સાથે મળી વાલીઓને પણ બાળકોના શૈક્ષણિક વિકાસ સાથે જોડવા માટે સ્માર્ટ કેર મોબાઈલ એપ વિકસાવી છે. આ એપનું લોકાર્પણ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સુશ્રી અર્ચનાબેન પ્રજાપતિએ કર્યુ છે.

ધો. ૧ થી ૮ની પ્રા. શાળા ધરાવતી આ શાળામાં હાલ ૧૨૬ બાળકો અભ્યાસ કરી રહ્યા છે. અંતરિયાળ વિસ્તારનું આ નાનકડુ ગામ પણ ડિઝીટલ વિલેજ બનવાના ડગ ભરી રહ્યુ છે.

આ સ્માર્ટ કેર મોબાઈલ એપમાં બાળકોના શિક્ષણને લગતી ૧૨ જેટલી કેટેગરીઓ બનાવવામાં આવી છે. જેમાં બાળકની પ્રોફાઈલ સાથે શરૂ થતી આ એપમાં બાળક આજે સ્કૂલમાં આવ્યો છે. ગેરહાજર છે તેની વિગતો પણ મુકવામાં આવનાર છે. આ ઉપરાંત હોમવર્ક કેટેગરીમાં બાળકને આપેલ વિષયવાર ગૃહકાર્ય તારીખવાર દર્શાવવામાં આવશે. જેથી બાળકે ગૃહકાર્ય કર્યુ છે કે નહિ તેનો ખ્યાલ તેના વાલી આપશે.

આ એપમાં નોટીસ બોર્ડ કેટેગરી પણ છે. જેમાં એસ.એમ.સી.ની મીટીંગ, શાળાની પ્રવૃત્તિ સહિતની વિગતો દર્શાવવામાં આવશે. ગેલેરી કેટેગરીમાં ઈતર શૈક્ષણિક પ્રવૃત્તિના ફોટોગ્રાફ્સ મુકવામાં આવશે.

ટેસ્ટ રિઝલ્ટસ્‌ની કેટેગરીમાં યુનિક ટેસ્ટ જે દર સપ્તાહે લેવામાં આવે છે તેમાં બાળકની શૈક્ષણિક પ્રગતિનો અહેવાલ તેમજ યુનિક ટેસ્ટનું પરિણામ મુકવામાં આવશે. માર્કશીટ્‌સ કેટેગરીમાં વાર્ષિક પરીક્ષાનું પરિણામ મુકવામાં આવશે.

હોલી ડે કેટેગરી પણ વિકસાવવામાં આવી છે. જેમાં શાળામાં જાહેર રજા અથવા અન્ય રજાની વિગતો મુકવામાં આવશે.

સૂચનો અને સૂચનોની યાદી એમ બે કેટેગરીમાં વાલીઓ જે સૂચનો આપશે તે સૂચન કેટેગરીમાં લોડ થઈ જશે જ્યારે સૂચનોની યાદીમાં શાળાએ મળેલા સૂચનો

● અનુસંધાન પાન-૭ પર



ચિત્ર સ્પર્ધા - ગાંધીનગરના ૫૫મા જન્મદિન નિમિત્તે શહેરની જાણીતી સંસ્થા કલ્ચરલ ફોરમ અને ગાંધીનગર મહાનગરપાલિકાના સંયુક્ત દ્વારા ગાંધીનગરના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે બાળકો માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરના લગભગ ૩૦૦થી વધુ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સંસ્થા તરફથી સ્પર્ધામાં ભાગ લેનાર દરેક બાળકને કલર બોકસ અને પેપર શીટ આપવામાં આવી હતી. આ ચિત્ર સ્પર્ધામાં બાળકોએ વિવિધ વિષય પર ચિત્રો દોરી સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. બાળકોમાં રહેલી સર્જનશક્તિને ખીલવવાના ભાગરૂપે યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં બાળકોએ પોતાની અંદર રહેલી પ્રતિભાને કાગળ પર કંડારી હતી ત્યારે બાળકોએ મારું ગાંધીનગર - ગ્રીન ગાંધીનગરને દર્શાવતા ચિત્રો દોર્યા હતા. આ પ્રસંગે મહાનગરપાલિકાના મેયર શ્રીમતી રીટાબેન પટેલ, સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન શ્રી જીગા બાપુ, કોર્પોરેટરશ્રીઓ ઉપરાંત નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# હેલીપેડ મેદાન ખાતે ગારમેન્ટ ટેકનોલોજી એક્સપોનો પ્રારંભ

**ગારમેન્ટ ટેક્નોલોજી એક્સ્પો ૨૦૧૯ માં લગભગ ૮૦૦ બ્રાન્ડ્સ અને કંપનીઓ પોતાની મશીનરી રજૂ કરી**

ગાંધીનગર, તા.૨

ગારમેન્ટ ટેકનોલોજી એક્સ્પો , ગુજરાતમાં ગાર્મેન્ટ ટેકનોલોજી એક્સ્પોની પ્રથમ આવૃત્તિની સફળતા બાદ, જીટીઈ -૧૯ દ્વારા, ગારમેન્ટ ઉદ્યોગમાં નવીનતમ તકનીકનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ એક્સ્પોને વેપાર વ્યાવસાયિકો દ્વારા સમર્થન આપવામાં આવે છે જેમાં ઉત્પાદકો, નિકાસકારો, સંસ્થાઓ અને અન્ય વોલ્યુમ ગ્રાહકો શામેલ હોય છે. એક્સ્પોમાં, ભારત અને વિદેશની ૮૦૦ થી વધુ જાણીતી કંપનીઓ અને બ્રાન્ડ દ્વારા પોતાના ચામડા, ભરતકામ, કાપડ, લોન્ડ્રી, ફ્યુઝડ, પ્રિન્ટિંગ, ફેબ્રિક, એસેસરીઝ, સોફ્ટવેર સોલ્યુશન્સ અને નવી તકનીકીઓથી સંબંધિત ઉત્પાદનો પ્રદર્શિત કરવામાં આવ્યા.

માલિકો ઉપરાંત, સીઈઓ, એમડી અને પ્રોડક્શન હેડ જેઓ , નવી તકનીકીઓ, સામગ્રી, નવીનતમ પ્રોડક્ટ લોંચ અને નવી ટેક્નોલોજી વિશે પોતાને અપડેટ કરવા મુલાકાત લે છે. નવી મશીનરી, ડિઝાઈનર્સ, તકનીકી સુપરવાઇઝર, દુકાનના ફ્લોર મેનેજરો, વગેરે આ એક્સ્પોની મુલાકાત લે છે અને તે દરમિયાન પોતાને નવી ટેક્નોલોજી અને ઉપકરણોથી માહિતગાર કરે છે. સાથે જ તેઓ સાધના અને મશીનરી માટેના સૌદાઓ અને ભાવતાલ પણ કરે છે. આ કાર્યક્રમનું આયોજન ગારમેન્ટ ટેક્નોલોજી એક્સ્પો પ્રા.લિ. ૨ જી ઓગસ્ટ, ૨૦૧૯ થી ૪ ઓગસ્ટ ૨૦૧૯ સુધી હેલિપેડ મેદાન, ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

પવિત્ર શ્રાવણ માસમાં લક્ષ્ય ચેનલમાં લાઈવ....
हमारा लक्ष्य TV LIVE विश्व का कल्याण हो...
ગાંધીનગર - પાટનગરના આંગણે
शिवकथा
કથા પ્રારંભ 0૨/0૮/૨૦૧૯, શુક્રવાર
કથા વિરામ 0૮/0૮/૨૦૧૯, ગુરૂવાર
કથા સમય : બપોરે ૩-00 થી ૬-૩૦ કલાક સુધી
કથા વક્તા
શ્રી ગોસ્વામી સંજયભારતી બાપુ (ગાંધીનગર)
શ્રી ભારતીબાપુ
કથા સ્થળ : શ્રી સોમનાથ મહાદેવ મંદિર, બ્રહ્મભવન,સેક્ટર-૧૬, ગાંધીનગર.
તમામ શિવ-ભક્તો માટે ભોજન પ્રસાદની વ્યવસ્થા કરેલ છે.(પાસ માટે સમય : ૨.૩૦ થી ૩.00)
સૌજન્ય : શ્રીમતિ શાન્તાબેન રમેશભાઈ પટેલ પરિવાર - કેપીટલ ઓફસેટ, ગાંધીનગર.
સંપર્ક : કિરણ એસ. ગોસ્વામી સુંદર ધામ Mo. 8141217050, 9428595741 Mo 9374177184, 9327003940

## જૂના સેક્ટરોમાં આજે પણ પાણી ફોર્સથી નહિ આવે

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરના જુના સેક્ટરોમાં આજે અત્યંત ધીમા ફોર્સથી પાણી આવ્યું હતું. ચરેડી વૉટર વર્કસના પેનલના વાયરીંગમાં ખામી સર્જાતા શહેરના સેક્ટર-૧૪થી ૩૦માં પાણી ન આવ્યું હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી.

સુત્રોના જણાવ્યા મુજબ પેનલના વાયરીંગનો ફોલ્ટ દૂર કરવા રીપેરીંગ ચાલી રહ્યું છે. જેના લીધે શનિવારે પણ જૂના સેક્ટરોમાં પૂરતા ફોર્સથી પાણી આવે નહિ તેવી શક્યતા છે. રવિવારથી જૂના સેક્ટરવાસીઓને ફોર્સથી પાણી પુરવઠો મળી રહેશે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

Gujarat State Petronet Limited
Corporate Identity Number : L40200GJ1998SGC035188
Regd Office : GSPC Bhavan, Sector-11, Gandhinagar-382 010 Tel: +91-79-66701001 Fax: +91-79-23236477
Website: www.gujpetronet.com Email: investors.gspl@gspc.in

EXTRACT OF STATEMENT OF STANDALONE AND CONSOLIDATED UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30TH JUNE, 2019

(₹ in Lakhs)

| Sr. No. | Particulars | Standalone Results | | | Consolidated Results | | |
|---|---|---|---|---|---|---|---|
| | | Quarter ended | | Year ended | Quarter ended | | Year ended |
| | | 30.06.2019 (Unaudited) | 30.06.2018 (Unaudited) | 31.03.2019 (Audited) | 30.06.2019 (Unaudited) | 30.06.2018 (Unaudited) | 31.03.2019 (Audited) |
| 1 | Total Income from Operations (net) | 52,025.00 | 39,670.79 | 1,93,661.82 | 3,10,752.58 | 2,20,285.02 | 9,69,138.15 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax and Exceptional items) | 31,291.74 | 24,657.27 | 1,20,278.39 | 67,299.31 | 43,433.03 | 1,78,344.72 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional items and Share of profit/(loss) of joint venture and associates accounted for using the equity method (net of tax)) | 31,291.74 | 24,657.27 | 1,20,278.39 | 67,434.38 | 44,168.59 | 1,78,043.57 |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional items) | 20,613.70 | 14,445.64 | 79,467.26 | 43,903.12 | 27,179.61 | 1,19,039.50 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period after tax and Other Comprehensive Income (after tax)] | 20,582.54 | 14,517.54 | 79,069.44 | 43,611.76 | 27,380.51 | 1,18,428.28 |
| 6 | Equity Share Capital (face value of Rs. 10/- each) | 56,401.46 | 56,387.41 | 56,397.14 | 56,401.46 | 56,387.41 | 56,397.14 |
| 7 | Reserves (excluding revaluation Reserve as shown in balance sheet ) | - | - | 5,18,003.94 | - | - | 2,73,126.15 |
| 8(i) | Earnings per share (EPS) | | | | | | |
| | (a) Basic EPS (Rs.) | 3.65 | 2.56 | 14.09 | 5.88 | 3.83 | 17.71 |
| | (b) Diluted EPS (Rs.) | 3.65 | 2.56 | 14.09 | 5.88 | 3.83 | 17.70 |
| | (face value of Rs. 10/- each) | | | | | | |

Notes:
(1) The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI(Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the Stock Exchange websites (www.nseindia.com and www.bseindia.com) and Company's website (www.gujpetronet.com)
(2) The above results were reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company in its meeting held on 2nd August, 2019.
(3) The above results are in accordance with the Indian Accounting Standards(Ind-AS) as prescribed under Section 133 of the Companies Act, 2013, read with the relevant rules issued thereunder and other accounting principles generally accepted in India. Accordingly, previous period's figures have been reclassified/regrouped/restated, wherever necessary.

For and on behalf of Gujarat State Petronet Limited
Dr. J. N. Singh, IAS
Managing Director

Place: Gandhinagar
Date: 2nd August, 2019

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com